પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫૪ | ૨૬ નવેમ્બર, ૨૦૨૨, શનિવાર; માગશર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કાશ્મીરમાં પારો શૂન્યથી નીચે

## દેશભરમાં જોર પકડતી ઠંડી : ઠેર-ઠેર ધુમ્મસ છવાયું : ઉત્તર અને પશ્ચિમ દિશામાંથી આવતા ઠંડા પવનને કારણે ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતના મોટા ભાગોમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો

નવી દિલ્હી, તા.૨૫

દેશના વિવિધ રાજ્યોમાં વધતી જતી ઠંડીના કારણે ધુમ્મસ છવાવા લાગ્યું છે. કાશ્મીરના અનેક શહેરોમાં પારો શૂન્યથી નીચે ઉતરી ગયો છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં શીત લહેર ચાલુ રહેવાની ધારણા છે. ઉત્તર અને ઉત્તર પશ્ચિમ દિશામાંથી આવતા ઠંડા પવનને કારણે ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતના મોટા ભાગોમાં ઠંડી ચમકી છે. હવામાનમાં આવેલા બદલાવ વચ્ચે રાજધાની દિલ્હી પર્વતોની રાણી મસૂરી સહિત અન્ય ઠંડા વિસ્તારો કરતાં વધુ ઠંડુ રહ્યું હતું.

રાજસ્થાનના ઘણા ભાગોમાં ઠંડીનું મોજું ચાલી રહ્યું છે. સૌથી ઓછું તાપમાન સીકરના ફતેહપુરમાં ૨.૪ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનના ૧૦ શહેરોમાં ઠંડીની સૌથી વધુ અસર જોવા મળી છે. ધુમ્મસ અને ઝાકળએ પણ લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. ચુરુમાં છેલ્લી રાત છેલ્લા ૧૦ વર્ષમાં નવેમ્બરની બીજી સૌથી ઠંડી રાત હતી. અહીં, ઉત્તર રાજસ્થાનના ગંગાનગર, હનુમાનગઢ, ચુરુ અને સીકરના કેટલાક વિસ્તારોમાં હળવું ધુમ્મસ છવાયું હતું. હવામાન નિષ્ણાતોના મતે તાપમાનમાં આ ઘટાડો એક-બે દિવસ સુધી ચાલુ રહી શકે છે.

જયપુર હવામાન કેન્દ્ર તરફથી જાહેર કરવામાં આવેલ રિપોર્ટ અનુસાર, કોટા, ચુરુ અને અજમેર જિલ્લામાં રાત્રિનું લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૬ ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું હતું. પીગળતા શિયાળાની સૌથી વધુ અસર શેખાવતીના સીકર અને ચુરુમાં જોવા મળી હતી. અહીં તાપમાન પાંચ ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું હતું. હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે આ દિવસોમાં પર્વતો પર હિમવર્ષાનો સમયગાળો છે. આવી સ્થિતિમાં, હિમવર્ષા સમાપ્ત થયા પછી, દિલ્હી-એનસીઆરમાં પહાડી દિશામાંથી આવતા ઠંડા પવનો ઠંડીમાં વધારો કરશે. કાશ્મીરમાં ઠંડી જામી રહી છે, પરંતુ જમ્મુ સહિત અનેક જિલ્લાઓમાં

● અનુસંધાન પાન-૭ પર



---

શિખર ધવન સહિત ત્રણની અડધી સદી એળે

## ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વનડેમાં ભારતનો ૭ વિકેટ પરાજય

### ૩૦૭ રનના જંગી લક્ષ્યાંકને યજમાન ટીમે ટોમ લેથમની સદીની મદદથી ત્રણ વિકેટ ગુમાવીને પાર કર્યો

ઓકલેન્ડ, તા.૨૫

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી ત્રણ મેચોની પ્રથમ મેચ આજે ઓકલેન્ડમાં રમાઈ હતી, જેમાં ભારતનો ન્યુઝીલેન્ડ સામે ૭ વિકેટે પરાજય થયો છે. ભારતીય ટીમે ન્યુઝીલેન્ડની ટીમ સામે મોટો સ્કોર કર્યો હતો, તેમ છતાં ન્યુઝીલેન્ડ ટીમની શ્રેષ્ઠ બોલીંગ અને બેટીંગના કારણે તેની જીત થઈ છે. આ મેચમાં ભારતી ટીમે ન્યુઝીલેન્ડને જીતવા ૩૦૭ રનનું લક્ષ્યાંક આપ્યું હતું. તો ન્યુઝીલેન્ડની ટીમે ૪૭.૧ ઓવરમાં ૩ વિકેટે ૩૦૮ રન જીત હાંસલ કરી લીધી હતી. ન્યુઝીલેન્ડના ખેલાડી ટૉમ લેથમે ધમાકેદાર બેટીંગ કરી હતી. તેણે ૧૦૪ બોલમાં ૧૪૫ રન ફટકાર્યા હતા. આ મેચમાં તેણે ૫ સિક્સ અને ૧૯ ફોર ફટકારી હતી. તો ન્યુઝીલેન્ડના સુકાની કેન વિલિયમસને પણ તેની સુકાની તરીકે જવાબદારી નિભાવી ૯૪ રન ફટકાર્યા હતા. વિલિયમસન માત્ર ૬ રન માટે સદી ચુક્યો હતો.

ભારત તરફથી કેપ્ટન શિખર ધવને પણ તેની સુકાની તરીકે જવાબદારી સંભાળી ૭૨ રન ફટકાર્યા હતા. તો શુભમન ગીલે ૫૦ રન અને શ્રેયસ અય્યલે ૮૦ રન ફટકાર્યા હતા. જોકે આ મેચમાં વોશિંગ્ટન સુંદર પણ છવાયો હતો. વોશિંગ્ટન સુંદરે અંતિમ ઓવરમાં માત્ર ૧૬ બોલમાં ૩૭ રન ફટકાર્યા હતા. સુંદરે ત્રણ સિક્સ અને ત્રણ ફોર ફટકારી મહત્વનું યોગદાન આપ્યું હતું. આ મેચમાં ન્યુઝીલેન્ડના બોલર ટીમ સાઉથી અને લ્યુસ્કી ફોર્ગ્યુસે પણ શ્રેષ્ઠ બોલીંગ કરી હતી. આ બંને

● અનુસંધાન પાન-૭ પર

---

ગુજરાત જિયો ટ્રૂ મેળવનાર ભારતનું પ્રથમ રાજ્ય

## રાજ્યના ૩૩ જિલ્લામાં 5G સેવા શરૂ

### દેશભરના લાખો વિદ્યાર્થીઓ ડિજિટલ માધ્યમથી ગુણવત્તાયુક્ત શિક્ષણ મળશે

નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં ૫જીસેવાઓ શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેના ભાગરૂપે આજથી ગુજરાતના તમામ ૩૩ જિલ્લામાં ૫જીની શરૂઆત થઈ ગઈ છે. આ ટેક્નોલોજીથી દેશભરના લાખો વિદ્યાર્થીઓ ડિજિટલ માધ્યમથી ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકશે. જિયો ટ્રૂમેળવનાર ભારતનું પ્રથમ રાજ્ય ગુજરાત બની ચૂક્યું છે. આજથી એટલે કે ૨૫ નવેમ્બરથી ગુજરાતના તમામ ૩૩ જિલ્લામાં ૫જીની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ ટ્વીટ કરીને આ વિશે માહિતી આપી છે. તેમણે ટ્વીટમાં ગુજરાતના ૩૩ જિલ્લામાં ૧૦૦% વિસ્તારમાં ઈંટ્રુ-૫જીમેળવનાર પ્રથમ ભારતીય રાજ્ય બન્યું છે. જીયો એજ્યુકેશન, હેલ્થકેર, એગ્રી, ઈન્ડસ્ટ્રી ૪.૦ અને આઈઓટીસેક્ટરમાં ઈંટ્રુ-૫જીસંચાલિત પહેલોની શ્રેણી શરૂ કરશે.





રિલાયન્સ માટે ગુજરાત ખાસ સ્થાન ધરાવે છે. ત્યારે ગુજરાતના ૩૩ જિલ્લામાં ૫જી સર્વિસ શરૂ થતાં ગ્રાહકોને મોટો ફાયદો મળનારો છે. જેમાં યૂઝર્સને 'જીયોવેલકમ ઑફર' સાથે, યુઝર્સ ૧જીબીપીએસ સ્પીડ સાથે અમર્યાદિત ૫જીડેટા મળશે.

એવું નથી કે ૫જી નેટવર્ક પર તમને ફક્ત ફાસ્ટ ઈન્ટરનેટ જ મળશે. આ તો સેવાનો માત્ર એક પહેલું છે. ૫જી નેટવર્ક પર તમને હાઈ સ્પીડ ઈન્ટરનેટ ઉપરાંત સારી ટેલિકોમ સર્વિસિસ અને કોલ કનેક્ટિવિટી મળશે. એટલે કે નવા નેટવર્ક પર હાઈ સ્પીડ ડેટા ઉપરાંત સારી કોલ અને કનેક્ટિવિટી મળશે. બધુ મળીને આ નેટવર્ક પર તમારો ટેલિકોમ એક્સપિરિયન્સ સારો હશે. અગાઉ પીએમ મોદીએ પ્રગતિ મેદાનથી જે ૮ શહેરોમાં ૫જી સેવાની શરૂઆત કરાવી તેમાં અમદાવાદ, ગાંધીનગર અને જામનગર

● અનુસંધાન પાન-૭ પર

---

UIDAIએ પરિપત્ર જારી કરીને કહ્યું

## વ્યક્તિનો આધાર સ્વીકારતા પહેલા તેની સત્યતા તપાસો

### આ સાથે આધારનો દુરુપયોગ અને છેતરપિંડીના કેસમાં પણ ઘટાડો થશે

નવી દિલ્હી, તા.૨૫

સરકારે નકલી આધાર કાર્ડનો ઉપયોગ રોકવા માટે એડવાઈઝરી જારી કરી છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે કહ્યું કે આધાર કાર્ડ એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે, તેથી આ ૧૨-અંકના અનન્ય ઓળખ નંબરને ભૌતિક અને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં સ્વીકારતા પહેલા તેની ચકાસણી કરવી જોઈએ. આધાર જારી કરતી સંસ્થાએ તમામ વિભાગોને એક પરિપત્ર જારી કરીને કહ્યું છે કે કોઈપણ વ્યક્તિનો આધાર સ્વીકારતા પહેલા તેની સત્યતા તપાસો. એવું કહેવામાં આવ્યું છે કે વ્યક્તિની સંમતિથી, તેના આધાર કાર્ડનું કોઈપણ સ્વરૂપ જેમ કે ઈ આધાર, આધાર પીવીસી કાર્ડ અને આધાર ચેક કરી શકાય છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે કહ્યું કે આમ કરવાથી આધારનો દુરુપયોગ બંધ થઈ જશે. આ સાથે આધારનો દુરુપયોગ અને છેતરપિંડીના કેસમાં પણ ઘટાડો થશે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલી એડવાઈઝરી અનુસાર, આધાર વેરિફિકેશન પર જ નકલી કાર્ડ વિશે જાણકારી મળશે.





---

બ્રિટનના PM અને તેમના પત્નીએ વગાડ્યો ડંકો

## ઋષિ સુનક અને પત્ની અક્ષતા બ્રિટનમાં એશિયન રિચ લિસ્ટ ૨૦૨૨માં સ્થાન

### અક્ષતા મૂર્તિના પિતા એનઆર નારાયણ મૂર્તિ ભારતીય આઈટી કંપની ઈન્ફોસિસના સહ-સ્થાપક છે

નવી દિલ્હી, તા.૨૫

બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક અને તેમની પત્ની અક્ષતા મૂર્તિનું બ્રિટનમાં 'એશિયન રિચ લિસ્ટ ૨૦૨૨'માં સ્થાન પામ્યા છે. આ યાદીમાં હિન્દુજા પરિવાર ટોપ પર છે. સુનક અને અક્ષતા મૂર્તિ ૭૯૦ મિલિયન પઉન્ડની સંપત્તિ સાથે યાદીમાં ૧૭મા ક્રમે છે. અક્ષતા મૂર્તિના પિતા એનઆર નારાયણ મૂર્તિ ભારતીય આઈટી કંપની ઈન્ફોસિસના સહ-સ્થાપક છે. વર્ષ ૨૦૨૨ની યાદીમાં સામેલ એશિયન અમીરોની કુલ સંપત્તિ ૧૧૩.૨ બિલિયન પાઉન્ડ છે, જે ગયા વર્ષની સરખામણીએ ૧૩.૫ બિલિયન પાઉન્ડ વધુ છે. હિન્દુજા પરિવાર આ યાદીમાં સતત આઠમી વખત ટોચના સ્થાને રહ્યો છે. તેમની અંદાજિત સંપત્તિ ૩૦.૫ બિલિયન પાઉન્ડ છે, જે ગત વર્ષ કરતાં ૩ બિલિયન પાઉન્ડ વધુ છે. લંડનના મેયર સાદિક ખાને ૨૩ નવેમ્બર રાત્રે વેસ્ટમિંસ્ટર પાર્ક પ્લાઝા હોટેલમાં ૨૪મા વાર્ષિક એશિયન બિઝનેસ એવોર્ડ્સ



● અનુસંધાન પાન-૭ પર

---

## પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઈજિપ્તના રાષ્ટ્રપતિને આમંત્રણ

### આ આમંત્રણને આફ્રિકા અને અરબ વર્લ્ડ બંને માટે ભારતની સમાન પહોંચ તરીકે જોવાયું

નવી દિલ્હી, તા.૨૫

ભારતે પ્રજાસત્તાક દિવસ ૨૦૨૩ના ભવ્ય સમારોહ માટે ઈજિપ્તના રાષ્ટ્રપતિ ફત્તાહ અલ સિસીને આમંત્રણ મોકલ્યું છે. વર્ષ ૨૦૧૪થી ઈજિપ્તના રાષ્ટ્રપતિ પદ પર બિરાજમાન અલ સિસિને મોકલવામાં આવેલા આ આમંત્રણને આફ્રિકા અને અરબ વર્લ્ડ બંને માટે ભારતની સમાન પહોંચ તરીકે જોવામાં આવી રહ્યું છે. આ વર્ષે બંને દેશોએ રાજનયિક સંબંધોની ૭૫મી વર્ષગાંઠ ઉજવી હતી. જ્યારે ભારત ઈજિપ્ત સાથે પોતાના રાજનીતિક અને સૈન્ય સંબંધ સતત વધારી રહ્યું છે. આ વાતોને ધ્યાનમાં રાખતા ભારત તરફથી ૨૦૨૩ના ગણતંત્ર દિવસ પર મુખ્ય મહેમાન તરીકે ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતહ અલ સિસીને આમંત્રણ મોકલવામાં આવ્યું છે.

ઈજિપ્ત અરબ જગતનો સૌથી વધુ વસ્તીવાળો દેશ છે. આ સાથે જ ઈજિપ્ત આફ્રિકામાં બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા પણ છે. આવામાં રાષ્ટ્રપતિ અલ સિસી માટે રેડ કાર્પેટ બિછાવવાથી એ સંકેત મળે છે કે આવનારા કેટલાક વર્ષોમાં ભારત-ઈજિપ્ત વચ્ચેના સંબંધો પર ખાસ ભાર આપવામાં આવશે. આગામી વર્ષે થનારા જી-૨૦ શિખર સંમેલન માટે

● અનુસંધાન પાન-૭ પર

---

## એપલ કંપની દરરોજ ૧૨૮૨ કરોડની કમાણી કરે છે

### માઇક્રોસોફ્ટ બીજા સ્થાને છે : દર સેકન્ડે ઇં૧,૦૦૦ થી વધુ નફો કરતી કંપનીઓમાં માઇક્રોસોફ્ટ, ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ અને વોરેન બફેટની બર્કશાયર હેથવેનો સમાવેશ થાય છે

નવી દિલ્હી, તા.૨૫

વિશ્વમાં સૌથી વધુ કમાણી કરનાર કંપની વિશે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આઈફોન બનાવનારી એપલ દુનિયાની સૌથી વધુ નફો કરતી કંપની બની ગઈ છે. છૅજ્ઞી કંપની દર સેકન્ડે ઈં૧૮૨૦ એટલે કે લગભગ ૧.૫૮ લાખ રૂપિયાનો નફો કમાય છે. જો તેને દિવસના આધારે જોવામાં આવે તો કંપની દરરોજ ૧૫૭ મિલિયન ડોલર એટલે કે લગભગ રૂ. ૧૨૮૨ કરોડનો નફો કમાય છે. દર સેકન્ડે ઈં૧,૦૦૦ થી વધુ નફો કરતી કંપનીઓમાં માઈક્રોસોફટ, ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ અને વોરેન બફેટની બર્કશાયર હેથવેનો સમાવેશ થાય છે. એકાઉન્ટિંગ સોફટવેર ફાઈનાન્સિયલ બિઝનેસ ટિપલ્ટીના નવા સંશોધનમાં આ વાત સામે આવી છે. માઈક્રોસોફટ કંપની વિશ્વમાં નફાના મામલામાં બીજા નંબર પર રહી છે. આ કંપની દર સેકન્ડે ૧૪૦૪ ડોલર એટલે કે ૧.૧૪ લાખ રૂપિયા કમાય છે. બર્કશાયર હેથવેની પ્રતિ સેકન્ડની કમાણી ઈં૧,૩૪૮ એટલે કે રૂ. ૧.૧૦ લાખ છે. માર્કેટ કેપની દષ્ટિએ એપલ વિશ્વની સૌથી મોટી કંપની છે. આ કંપનીનું માર્કેટ કેપ ઈં૨.૪૦૩ ટ્રિલિયન છે. માર્કેટ કેપની દષ્ટિએ માઈક્રોસોફટ ત્રીજા નંબરે છે અને આલ્ફાબેટ ચોથા નંબરે છે. માઈક્રોસોફટનું માર્કેટ

● અનુસંધાન પાન-૭ પર

---

## પીએમ નરેન્દ્ર મોદીએ નવો વિક્રમ સર્જ્યો

### મોદીએ અત્યાર સુધી ૭,૭૧૦ દિવસ સુધી ચૂંટાયેલી સરકારના વડા તરીકેનું પદ સંભાળ્યું

નવી દિલ્હી, તા.૨૫

આજના સમયમાં ભારતનું સમગ્ર રાજકારણ નરેન્દ્ર મોદીની આસપાસ ફરતું જોવા મળી રહ્યું છે. જોકે સમયની સાથે સાથે રાજનીતિ પણ બદલાતી રહે છે, જોકે હાલ ભારતની રાજનીતિમાં નરેન્દ્ર મોદીનો સમય ચાલી રહ્યો છે. ૨૧ વર્ષ પહેલા ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. આ વર્ષે ૭ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ બંધારણી હોદ્દા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૨૧ વર્ષ પૂરા થઈ ગયા છે.

નરેન્દ્ર મોદીએ ૧૨ વર્ષથી વધુ સમય ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. મોદી ગુજરાતમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર મુખ્યમંત્રી પણ છે. તેમનો મુખ્યમંત્રી તરીકેનો કાર્યકાળ ૪ ટર્મનો હતો. જોકે વર્ષ ૨૦૧૪માં નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા. તો બીજી તરફ જો નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકેના તમામ કાર્યકાળને જોડવામાં આવે, તો મોદી ભારતમાં ચૂંટાયેલી સરકારના સૌથી લાંબા સમય સુધી સેવા આપતા નેતાઓમાંથી એક છે. વડાપ્રધાન મોદીએ અત્યાર સુધી ૭,૭૧૦ દિવસ સુધી ચૂંટાયેલી સરકારના વડા તરીકેનું પદ સંભાળ્યું છે અને તેમનો પીએમપદનો કાર્યકાળ પૂરો થવામાં હજુ સમય બાકી છે. મુખ્યમંત્રી અને વડાપ્રદાન તમામ કાર્યકાળમાં મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૪,૬૧૦ દિવસ અને વડાપ્રધાન તરીકે ૩,૧૦૦ દિવસ સંભાળ્યું.

નરેન્દ્ર મોદી ૩૧૦૦ દિવસથી વડાપ્રધાન પદે સેવા આપી રહ્યા છે, જોકે તેમના કરતા

● અનુસંધાન પાન-૭ પર



---

## સુરંગ બનાવીને ગેંગે ટ્રેનના ડિઝલ એન્જિનની ચોરી કરી

### ગેંગે ડીઝલ અને જૂની ટ્રેનના એન્જિનની ચોરી કરી હતી અને સ્ટીલના પુલના ભાગને પણ ચોર્યો

પટના, તા.૨૫

બિહારમાં તમે પુલ, રેલવે એન્જીન ચોરી થવાની ઘટનાઓ ભૂતકાળમાં વાંચી હશે, પરંતુ આ ઘટના એનાથી સાવ અલગ છે. અહીં ચોરોએ ચોરી કરવા માટે બરૌનીથી મુઝફ્ફરપુર સુધી સુરંગ ખોદી હતી. આ કાંડ વિશે જાણીને બારગી પોલીસ પણ ચોંકી ઉઠી છે. આ ઘટનાને લઈ પોલીસે ગુરુવારે કહ્યું કે, ચોરોની ગેંગે બિહારમાં ડીઝલ અને જૂની ટ્રેનના એન્જિનની ચોરી કરી હતી અને સ્ટીલના પુલના ભાગને પણ ચોર્યો હતો. જેના કારણે પોલીસની ઉંઘ પણ હરામ થઈ ચૂકી છે. ગયા અઠવાડિયે બરૌનીના યાર્ડમાં સમારકામ માટે લાવવામાં આવેલી ટ્રેનના ડિઝલ એન્જિનની એક ગેંગે ચોરી કરી હતી.